# કચ્છી લેવા પટેલ સંદેશ

(કચ્છી લેવા પટેલ જ્ઞાતિનું મુખપત્ર)

વર્ષ : ૩૭ અંક : ૧ ૧-૮-૨૦૦૯



:: તંત્રી ::
ગોવિંદ વી. ખોખાણી
Editor : Govind V. Khokhani

:: સંપાદક ::
વસંત જી. પટેલ (હાલાઈ)
Editor : Vasant G. Patel (Halai)

:: પરામર્શક ::
હરીભાઈ કેશરા હાલાઈ
પ્રમુખશ્રી, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ
Haribhai Keshra Halai
President : Shri Kutchi Leva Patel Samaj
અરજણભાઈ ગાંગજી પિંડોરીયા
પ્રમુખશ્રી, શ્રી ક.લે.એજ્યુ. એન્ડ મેડી. ટ્રસ્ટ
Arjanbhai G. Pindoriya
President : Shri K.L.P.E. & Medi. Trust
શ્રી આર. એસ. હિરાણી
મંત્રીશ્રી, શ્રી ક.લે.એજ્યુ. એન્ડ મેડી. ટ્રસ્ટ
Shri R. S. Hirani
Secretary : Shri K.L.P.E. & Medi. Trust

:: પ્રકાશક ::
કચ્છી લેવા પટેલ યુવક સંઘ
સરદાર પટેલ સંકુલ,
મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.
પીન : ૩૭૦ ૦૦૧

:: વિતરણ વ્યવસ્થા ::
રમેશભાઈ હાલાઈ
રામજીભાઈ સેંઘાણી
મનજીભાઈ પિંડોરીયા
તથા યુવક સંઘ

:: પત્ર વ્યવહાર ::
તંત્રીશ્રી
'કચ્છી લેવા પટેલ સંદેશ'
શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ
સરદાર પટેલ સંકુલ,
મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.
પીન : ૩૭૦ ૦૦૧

:: ફોન સંપર્ક ::
Mob. : 94269 67818
Mob. : 99258 94603
(02832)
230077, 231177 281437
Fax : (02832) 281537
www.kutchilevapatel.org
www.sklpsbhuj.com
E-mail : info@kutchilevapatel.org
E-mail : info@sklpsbhuj.com


## ચિંતન કણિકા

**સફળતા માટે અબ્રાહમ લિંકનનો નિયમ સહુએ અનુસરવા જેવો છે. જે કાર્ય કરવાનું હોય તેમાં તે સમગ્ર ચિત્તશક્તિ રેડતા અને જ્યાં સુધી એ પૂરું ન થાય ત્યાં સુધી છોડતા નહિ.**

**- રસેલ કોનવેલ**

રસ્તા ઉપર જ્યારે એક મોટું સરઘસ પસાર થતું હોય, મહોલ્લાઓ ઉપર લોકોની હારો ગોઠવાઈ ગઈ હોય અને બેન્ડ જોરજોરથી વાગતા હોય, ત્યારે હોરેસ ગ્રીલિ, મકાનના પગથિયાં ઉપર બેસતો, પોતાની ટોપીનું મથાળું ટેબલ તરીકે વાપરતો અને વિખ્યાત વર્તમાનપત્ર 'ન્યૂયોર્ક ટ્રીબ્યૂન' માટે અગ્રલેખ લખતો. આ તંત્રી લેખની નોંધ સર્વત્ર લેવાતી.

હોરેસ ગ્રીલિએ લખેલા એક ધારદાર અગ્રલેખથી ગુસ્સે થઈ એક માણસ 'ન્યૂયોર્ક ટ્રીબ્યૂન'ની ઓફિસમાં ગયો.

તેને સમાચારપત્રમાં કાર્યાલયની તંત્રીની કેબિનમાં લઈ જવામાં આવ્યો. અહીં ગ્રીલિ, બેઠો બેઠો કાગળ તરફ માથું નીચું નમાવી, ઝડપથી લખતો હતો.

'તમે જ ગ્રીલિ છો?' એમ પૂછી પેલા ગુસ્સે થયેલ માણસે શરૂઆત કરી.

પોતાના કાગળમાંથી માથું ઊંચું કર્યા વિના જ ગ્રીલિએ ઝડપથી જવાબ દીધો, 'હા, તમારે શું કામ છે ?'

તે છંછેડાયેલા માણસે પછી તો સભ્યતા એક બાજુ મૂકી દીધી અને આવેશમાં આવી જઈ ગ્રીલિને ભાંડવા માંડયો. અનેક આક્ષેપો કર્યા.

ગ્રીલિનો ચહેરો જરા પણ બદલાયો નહિ. જાણે કશું ન સાંભળ્યું હોય તેમ તે એક પછી એક પાના લખ્યે જતો હતો.

તંત્રીની આ ઓફિસમાં આજદિન સુધી આક્ષેપોનો આવો વરસાદ ક્યારેય વરસ્યો ન હતો. આ તોફાન વીસ મિનિટ સુધી ચાલ્યું. છતાં પણ ગ્રીલિ તો પાતાના લેખનમાં એકાગ્ર હતો. તે બિલકુલ ચલિત થયો નહિ.

છેવટે કંટાળીને પેલા માણસે કાર્યાલય છોડયું ત્યારે ગ્રીલિએ પહેલીવાર ઊંચું જોયું, ખુરશીમાંથી ઊભો થયો અને પેલા ગૃહસ્થને કહેવા લાગ્યો, 'મિત્ર ! જતા નહિ. બેસો તમારું હૃદય ખાલી કરી નાખો એનાથી તમને લાભ થશે, અને હું જે લખી રહ્યો છું તેમાં મારી એકાગ્રતા વધવાથી મને પણ લાભ થશે.'

પેલા માણસનું મસ્તક શરમથી ઝૂકી ગયું !

- મનસુખલાલ સાવલિયા


:: Published By ::
Kutchi Leva Patel Yuvak Sangh, Sardar Patel Sankul, Mundra Road, Bhuj.